## ધ ડાયરેક્ટ પ્લાન મૂંઝવણ :

# મ્યુચ્યુઅલ ફંડમાં 'ડાયરેક્ટ' જવાથી તમે બચાવો તેના કરતાં વધુ ખર્ચ કેમ થયો

પ્રસ્તાવના : 'એક્સપેન્સ રેશિયો બચાવો' ટ્રેપ

છેલ્લા કેટલાક વર્ષોમાં, મ્યુચ્યુઅલ ફંડના ડાયરેક્ટ પ્લાન્સને એપ્સ, ફિનટેક પ્લેટફોર્મ્સ અને સોશિયલ મીડિયા પર આક્રમક રીતે પ્રમોટ કરવામાં આવ્યા છે. તેનો પ્રચાર એકદમ સરળ છે: વચેટિયાઓને દૂર કરો, એક્સપેન્સ રેશિયોમાં 0.5-1% બચાવો અને ઉચ્ચ વળતર મેળવો.

પરંતુ કડવું સત્ય એ છે કે માર્ગદર્શન વિના રોકાણ કરવાથી મોટાભાગના રિટેલ રોકાણકારોને એક્સપેન્સ રેશિયોમાં થતી બચત કરતાં ઘણો મોટો ખર્ચ સહન કરવો પડે છે. આ ડાયરેક્ટ પ્લાન્સની વિરુદ્ધમાં નથી, પણ રોકાણના સંપૂર્ણ ગણિતને સમજવાની દલીલ છે.

ડાયરેક્ટ વિરુદ્ધ રેગ્યુલર પ્લાન્સ: આંકડાઓ જે નથી કહેતા

ડાયરેક્ટ પ્લાન્સમાં ઇન્વેસ્ટર સીધા એસેટ મેનેજમેન્ટ કંપની (AMC) સાથે રોકાણ કરે છે, જેનાથી ડિસ્ટ્રિબ્યુટરનો ખર્ચ બચે છે અને એક્સપેન્સ રેશિયો 0.5% થી 1% ઓછો રહે છે.

જોકે, આ બચત ત્યારે જ સાર્થક થાય છે જો રોકાણકાર નીચેની બાબતો જાતે કરી શકે:

- નાણાકીય જરૂરિયાતો અને લક્ષ્યોને સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત કરવા.
- જોખમ લેવાની ક્ષમતા મુજબ સાચું એસેટ એલોકેશન નક્કી કરવું.
- માર્કેટમાં ફેરફાર થાય ત્યારે સમયસર પોર્ટફોલિયોનું પુન:સંતુલન (Rebalance) કરવું.
- માર્કેટ ક્રેશ દરમિયાન ગભરાઈને વેચાણ કર્યા વિના રોકાણ ટકાવી રાખવું.




- ઇક્વિટીમાંથી ડેટમાં ધીરે ધીરે શિફ્ટ થવું.

પ્રાયોગિક રીતે, મોટાભાગના ડાયરેક્ટ પ્લાન રોકાણકારો અહીં ભૂલ કરે છે. માર્કેટમાં 30% ઘટાડા વખતે ગભરાઈને 50% પોર્ટફોલિયો વેચી દેવાની એક ભૂલ, દસ વર્ષની એક્સપેન્સ રેશિયોની બચત કરતા પણ વધુ મોંઘી પડે છે.

### તુલનાત્મક તફાવત

| પરિબળ | ડાયરેક્ટ પ્લાન રોકાણકાર | રેગ્યુલર પ્લાન રોકાણકાર |
|---|---|---|
| એક્સપેન્સ રેશિયો | 0.5-1% ઓછો | 0.5-1% વધારે |
| ફંડ પસંદગી | જાતે સંશોધન કરેલ | વ્યાવસાયિક દ્વારા માર્ગદર્શન |
| વર્તણૂક સંબંધી સપોર્ટ | કંઈ નહીં - એકલા નિર્ણયો | અસ્થિર બજારમાં ડિસ્ટ્રિબ્યુટરનો સાથ |
| જરૂરિયાતનું મૂલ્યાંકન | ભાગ્યે જ વ્યવસ્થિત હોય છે | નાણાકીય જરૂરિયાતો સાથે જોડાયેલ |
| પોર્ટફોલિયો સમીક્ષા | અચોક્કસ અથવા ક્યારેય નહીં | સમયાંતરે અને વ્યવસ્થિત |
| પુનઃસંતુલન | ભાગ્યે જ કરવામાં આવે છે | પદ્ધતિસરનું |

મ્યુચ્યુઅલ ફંડ ડિસ્ટ્રિબ્યુટરની ભૂમિકા

એક લાયક ડિસ્ટ્રિબ્યુટર ફક્ત ટ્રાન્ઝેક્શન નથી કરાવતા, પરંતુ નીચે મુજબની કિંમતી સેવાઓ આપે છે:

1. જરૂરિયાતનું મૂલ્યાંકન : બાળકોનું શિક્ષણ, નિવૃત્તિ વગેરે મુજબ યોગ્ય પ્રોડક્ટ મેપ કરવી.

2. રિસ્ક પ્રોફાઇલિંગ : રોકાણકારની ઉંમર અને આવક મુજબ જોખમ લેવાની ક્ષમતા નક્કી કરવી.

3. ફંડ પસંદગી અને તપાસ : હજારો સ્કીમ્સમાંથી યોગ્ય ફંડ પસંદ કરવામાં મદદ કરવી.

4. એસેટ એલોકેશન : રોકાણમાં યોગ્ય વૈવિધ્ય લાવવું અને તેને જાળવવું.

5. બિહેવિયરલ કોચિંગ (સૌથી મહત્વનું) : જ્યારે બજાર 20-30% પડે, ત્યારે ગભરાઈને વેચાણ કરતા રોકવા અને ધ્યેય યાદ અપાવવા.

6. નિયમિત સમીક્ષા : જીવનના બદલાતા સંજોગો મુજબ પોર્ટફોલિયોમાં ફેરફાર કરવા.

7. દસ્તાવેજીકરણ અને પાલન : KYC, નોમિનેશન અને ટેક્સ સ્ટેટમેન્ટ જેવી જટિલતાઓ સંભાળવી.

**મોટાભાગના રોકાણકારો માટે, એક્સપેન્સ રેશિયોની 0.5-1% બચત એ 'ખોટી કરકસર' સાબિત થઈ શકે છે. કડવું સત્ય એ છે કે માર્ગદર્શન વિના રોકાણ કરવાથી મોટાભાગના રિટેલ રોકાણકારોને એક્સપેન્સ રેશિયોમાં થતી બચત કરતાં ઘણો મોટો ખર્ચ સહન કરવો પડે છે**

નિષ્કર્ષ : પૂછવા જેવો સાચો પ્રશ્ન એ નથી કે 'ડાયરેક્ટ પ્લાન કે રેગ્યુલર પ્લાન?'. સાચો પ્રશ્ન એ છે: "શું હું એક ડિસ્ટ્રિબ્યુટર જે કરે છે તે બધું (ફંડ પસંદગી, રિસ્ક પ્રોફાઇલિંગ, શિસ્ત, સમીક્ષા) જાતે કરવા માટે સજ્જ અને પ્રતિબદ્ધ છું?".જો તમારો જવાબ 'હા' હોય, તો ડાયરેક્ટ પ્લાન તમારા માટે છે. પરંતુ મોટાભાગના રોકાણકારો માટે, એક્સપેન્સ રેશિયોની 0.5-1% બચત એ

વેલ્થ ક્રિએશન
■ N J ઇન્ડિયા ઇન્વેસ્ટ પ્રા. લિ.

'ખોટી કરકસર' સાબિત થઈ શકે છે. એક વિશ્વાસપાત્ર ડિસ્ટ્રિબ્યુટર એ ખર્ચ નથી, પણ તમારું સૌથી મૂલ્યવાન નાણાકીય રોકાણ છે.

ડિસ્ક્લેમર: મ્યુચ્યુઅલ ફંડ રોકાણો બજારના જોખમોને આધીન છે, રોકાણ કરતા પહેલા સ્કીમ સંબંધિત તમામ દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો. જૂનું પ્રદર્શન ભવિષ્યમાં જળવાઈ રહેશે તેની કોઈ ગેરંટી નથી

# સોનાની કિંમત વધી, પણ રોકાણનો દ્રષ્ટિકોણ બદલાયો નથી

નવા નાણાકીય વર્ષની શરૂઆત સાથે, અક્ષય તૃતીયાના તહેવારમાં સોનુ ફરી એકવાર ભારતીય પરિવારો માટે પસંદગીને પાત્ર બન્યું છે. સદીઓથી, તે માત્ર પરંપરાનો ભાગ જ નથી રહ્યો પણ નાણાકીય સુરક્ષાનો વિશ્વસનીય સ્ત્રોત પણ રહ્યો છે. ખાસ કરીને અનિશ્ચિત વૈશ્વિક આર્થિક પરિસ્થિતિઓના સમયમાં. ઈતિહાસ એ પણ દર્શાવે છે કે અક્ષય તૃતીયા પર સોનામાં રોકાણ કરવું એ એક સારી તક માનવામાં આવે છે. તાજેતરના કોમોડિટી રિપોર્ટ અનુસાર, આ દિવસે કરવામાં આવેલા રોકાણોએ બજારના ક્યારેક ક્યારેક વધઘટ હોવા છતાં, લાંબા ગાળે સતત સ્થિર અને મજબૂત વળતર આપ્યું છે.

રોકાણના દ્દષ્ટિકોણથી, સોનાનું મહત્વ હજુ પણ ઓછું થયું નથી. તે ફુગાવા, ચલણના અવમૂલ્યન અને વૈશ્વિક અનિશ્ચિતતાઓ સામે મજબૂત હેજ તરીકે કાર્ય કરે છે, જે તેને લાંબા ગાળાના રોકાણ માટે વિશ્વસનીય




વિકલ્પ બનાવે છે.

વિશ્લેષકોના જણાવ્યા અનુસાર રોકાણકારો સોનામાં રોકાણ કરવાની રીત ધીમે ધીમે બદલાઈ રહી છે. જ્યારે પહેલા લોકો મોટાભાગે ભૌતિક સોનું જેમ કે ઘરેણાં અથવા સિક્કા ખરીદતા હતા, ત્યારે લોકો હવે એવા વિકલ્પો તરફ વળી રહ્યા છે જે વધુ અનુકૂળ, પારદર્શક અને જરૂર પડ્યે સરળતાથી રોકડમાં રૂપાંતરિત થઈ શકે. જોકે, અક્ષય તૃતીયાના તહેવારોમાં લોકો ભૌતિક સોનાની ખરીદી મહત્વપૂર્ણ રહે છે.

2026માં અત્યાર સુધીમાં, સોનાના ભાવમાં આશરે 10 ટકાનો વધારો જોવા મળ્યો છે. જોકે, આ વધારો સીધો નથી, ખાસ કરીને પ્રથમ ક્વાર્ટરમાં સમયાંતરે તીવ્ર વધઘટ થતી રહે છે.

વધુમાં, ગોલ્ડ ઈટીએફની વૈશ્વિક માંગ, જે અગાઉ ઘટી હતી, હવે સુધરી રહી છે, અને 2026માં આ વલણ ધીમે ધીમે હકારાત્મક દિશામાં

કોમોડિટી વ્યૂહ

બદલાઈ રહ્યું છે.

અહેવાલ મુજબ, હાલમાં ઘણા મુખ્ય વૈશ્વિક પરિબળો સોનાના ભાવને અસર કરી રહ્યા છે. આમાં ભૂરાજકીય તણાવ, વિશ્વભરમાં આર્થિક વૃદ્ધિ ધીમી થવાની ચિંતા અને યુએસમાં વ્યાજદરો અંગે અનિશ્ચિતતાનો સમાવેશ થાય છે. આ બધા પરિબળો રોકાણકારોને સોના તરફ આકર્ષિત કરી રહ્યા છે. સોનાને હંમેશા સલામત સ્વર્ગ માનવામાં આવે છે, ખાસ કરીને અનિશ્ચિત સમયમાં. જોકે, જ્યારે ડોલર મજબૂત થાય છે અથવા બોન્ડ યીલ્ડ વધે છે, ત્યારે સોનાના ભાવ દબાણમાં આવે છે.

આ જ કારણ છે કે સોનાના ભાવ સીધી રેખામાં આગળ વધતા નથી અને તેમાં વધઘટ જોવા મળે છે. હાલમાં વૈશ્વિક અનિશ્ચિતતાનો માહોલ છે, તેમ છતાં સોનાની કિંમતો

**ફુગાવો, રૂપિયાનું અવમુલ્યન અને વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે સોનુ વિશ્વસનીય વિકલ્પ બની ગયું છે**

દબાણમાં રહી છે, પણ જેમ જેમ આ અનિશ્ચિતતાનો માહોલ ઠંડો પડી રહ્યો છે તેમ તેમ ફરીથી સોનાની કિંમતો ઉછળી રહી છે અને ક્રુડ ઓઈલના ઘટાડા બાદ ફરીથી સોનુ આંતરરાષ્ટ્રીય સ્તરે 5000 ડોલરની સપાટી કુદાવી દે તેવી સંભાવના જોવાઈ રહી હોવાનું નિષ્ણાતો માની રહ્યા છે.

આગામી મહિનાઓમાં સોનામાં વિવિધ શ્રેણીમાં વધઘટ ચાલુ રહી શકે છે. તાજેતરના ઉછાળા પછી ભાવ થોડા સમય માટે સ્થિર રહી શકે છે, પરંતુ મધ્યમ અને લાંબા ગાળે સોનાનો અંદાજ સકારાત્મક રહેશે. એક અહેવાલમાં જણાવાયું છે કે ભૂરાજકીય તણાવ, વૈશ્વિક આર્થિક મંદી અને વર્ષના અંત સુધીમાં વ્યાજદરમાં ઘટાડો થવાની શક્યતા જેવા પરિબળો સોનાના ભાવને ટેકો આપી શકે છે. બીજી બાજુ, સતત ફુગાવો, મજબૂત ડોલર અને નબળી ભૌતિક માંગ નજીકના ગાળામાં દબાણ લાવી શકે છે. તેથી, રોકાણકારોને મધ્યમ અને લાંબા ગાળાને ધ્યાનમાં રાખીને ઘટાડા દરમિયાન સોનામાં ખરીદી કરવાની સલાહ છે, જે તેઓને લાભદાયી સાબિત થઈ શકે છે.

# ભારત-ઓસ્ટ્રેલિયા ECTA ચાર વર્ષ પૂર્ણ: વેપાર $24.1 બિલિયન સુધી પહોંચ્યો

ભારત-ઓસ્ટ્રેલિયા આર્થિક સહકાર અને વેપાર કરાર (Ind-Aus ECTA) પર હસ્તાક્ષર થયાને ચાર વર્ષ પૂર્ણ થયા છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વિકસિત થતી આર્થિક ભાગીદારીમાં આ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. 2 એપ્રિલ, 2022ના રોજ તેના પર હસ્તાક્ષર થયા પછી, આ કરારે વેપાર પ્રવાહ વધારવા, ઔદ્યોગિક સંબંધોને પ્રોત્સાહન આપવા અને બંને દેશોમાં વ્યવસાયો, ઉદ્યોગસાહસિકો અને રોજગાર માટે નવી તકો ઉભી કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

છેલ્લા ચાર વર્ષોમાં, આ કરારે દ્વિપક્ષીય આર્થિક જોડાણને સતત મજબૂત બનાવ્યું છે, જેમાં સુધારેલ બજાર એક્સેસ અને ઘટાડા દ્વારા બંને પક્ષોને ફાયદો થયો છે.

ઓસ્ટ્રેલિયામાં ભારતની નિકાસ બમણી થઈ ગઈ છે, જે નાણાકીય વર્ષ 2020-21માં 4 બિલિયન યુએસ ડોલરથી વધીને નાણાકીય વર્ષ 2024-25માં 8.5 બિલિયન યુએસ ડોલર થઈ ગઈ છે. 2024-25 દરમિયાન, કુલ દ્વિપક્ષીય વેપાર 24.1 બિલિયન યુએસ ડોલર રહ્યો હતો, જેમાં ઓસ્ટ્રેલિયામાં ભારતની નિકાસ પાછલા વર્ષ કરતા 8% વધુ નોંધાઈ હતી. નાણાકીય વર્ષ 2025-26 (ફેબ્રુઆરી સુધી)માં ભારતનો ઓસ્ટ્રેલિયા સાથે કુલ વેપાર 19.3 બિલિયન યુએસ ડોલર હતો.

ભારત-ઓસ્ટ્રેલિયા ECTA હેઠળ ભારતે તેની ટેરિફ લાઇનના 70.3% પર પ્રેફરન્શિયલ માર્કેટ એક્સેસ આપ્યો, જે વેપાર મૂલ્યના 90.6%ને આવરી લે છે; જ્યારે ઓસ્ટ્રેલિયાએ તેની ટેરિફ લાઇનના 100% પર પ્રેફરન્શિયલ માર્કેટ એક્સેસ આપ્યો, જે ભારતમાંથી થતી આયાતના 100% જેટલી છે.



આમાંથી, 98.3% ટેરિફ લાઇન અમલમાં આવ્યા પછી તરત જ ડ્યુટી-મુક્ત થઈ ગઈ, જ્યારે બાકીની 1.7% (113 ટેરિફ લાઇન) પાંચ વર્ષમાં તબક્કાવાર રીતે દૂર કરવામાં આવી રહી છે.

**ઓસ્ટ્રેલિયા ECTA હેઠળ ભારતને 100% ટેરિફ લાઇન ઍક્સેસ આપે છે, 2026થી તમામ નિકાસ પર શૂન્ય ડ્યુટીનો લાભ**

1 જાન્યુઆરી, 2026થી તમામ ભારતીય નિકાસ ઓસ્ટ્રેલિયન બજારમાં શૂન્ય-ડ્યુટી એક્સેસ માટે પાત્ર બનશે.

ECTA હેઠળ વિવિધ ક્ષેત્રોને મળતા ફાયદા હવે વધુ વ્યાપક બન્યા છે, જેમાં કાપડ, ફાર્માસ્યુટિકલ્સ, રસાયણો અને કૃષિ ઉત્પાદનોની નિકાસમાં નોંધપાત્ર વધારો થયો છે. આયાત મોરચે, કરાર બેઝ મેટલ્સ, કાચા કપાસ, રસાયણો અને ખાતરો અને કઠોળ જેવા આવશ્યક કાચા માલની એક્સેસને સરળ બનાવવાનું ચાલુ રાખે છે; આ ભારતના ઉત્પાદન અને ઔદ્યોગિક ક્ષેત્રો માટે મહત્વપૂર્ણ

બિઝનેસ વ્યૂ

છે. આ પૂરક વેપાર માળખાએ સપ્લાય ચેઇનની મજબૂતાઈમાં વધારો કર્યો છે અને સ્થાનિક મૂલ્ય વધારાને ટેકો આપ્યો છે. 24 સપ્ટેમ્બર, 2025ના રોજ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ઓર્ગેનિક ઉત્પાદનો પર મ્યુચ્યુઅલ રેકગ્નિશન એરેન્જમેન્ટ (MRA) પર હસ્તાક્ષર કરીને દ્વિપક્ષીય સહયોગમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન પ્રાપ્ત થયું.

આ MRA બંને દેશોની પ્રમાણપત્ર પ્રણાલીઓને માન્યતા આપીને ઓર્ગેનિક ઉત્પાદનોમાં સીમાચિહ્ન વેપારને સરળ બનાવે છે, નિકાસકારો માટે કામ, ખર્ચ અને સમયનું પુનરાવર્તન બચાવે છે. આ પગલાથી ઓર્ગેનિક ક્ષેત્રમાં સહયોગ મજબૂત થયો છે અને ઓર્ગેનિક વેપાર પ્રક્રિયાઓમાં પારદર્શિતા અને વિશ્વાસ વધ્યો છે.

આ કરાર દ્વિપક્ષીય જોડાણના મુખ્ય સ્તંભ તરીકે ઉભરી આવ્યો છે, જે બંને દેશોમાં વ્યવસાયો, MSME, કામદારો અને ગ્રાહકોને લાભ પહોંચાડે છે.

ભારત અને ઓસ્ટ્રેલિયા ઇન્ડ-ઓસ ECTAના ચાર વર્ષની ઉજવણી કરી રહ્યા છે, બંને પક્ષો વેપારને વિસ્તૃત કરવા, સપ્લાય ચેઇનને મજબૂત કરવા, રોકાણ ભાગીદારીને પ્રોત્સાહન આપવા અને દ્વિપક્ષીય આર્થિક ભાગીદારીને નવી ઊંચાઈઓ પર લઈ જવાના સહિયારા ઉદ્દેશ્યને આગળ વધારવા માટે તેમની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરે છે.

# વિપ્રોના શેરમાં બાયબેકમાં નાના રોકાણકારોએ ભાગ લેવો જોઈએ

ત્રણ વર્ષ બાદ દિગ્ગજ આઇટી કંપની વિપ્રોએ બાયબેકની ઘોષણા કરી છે. 16મીએ વિપ્રોની બોર્ડ બેઠકમાં બાયબેકને મંજુરી આપવામાં આવી છે અને કુલ 60 કરોડ શેરોનું બાયબેક કરવામાં આવશે. જેમાંથી નાના રોકાણકારો એટલે કે બે લાખ રૂપિયાથી ઓછી કિંમતના શેર ધરાવતા રોકાણકારો માટે 9 કરોડ શેરોનું બાયબેક થશે, તેવું અનુમાન કરવામાં આવી રહ્યું છે. જેથી અનિશ્ચિતતાના માહોલમાં અને ખાસ કરીને આઇટી કંપનીઓ પર એઆઇ બબલની અસર વર્તાઇ રહી છે, ત્યારે મોટા ભાગના રોકાણકારો આઇટી કંપનીઓમાં ફસાયા છે, ત્યારે રૂ. 250ના ભાવે કંપનીએ બાયબેકની જાહેરાત કરીને એક તબક્કે રોકાણકારોને બહાર નીકળવાનો મોકો આપવામાં આવી રહ્યો છે.




બોલાતા થઇ ગયા હતા. જેમાં રૂ. બે લાખથી ઓછી કિંમતના શેરહોલ્ડર્સ માટે રૂ. 6000થી ભાવ બોલાવાનું શરૂ થયું હતું, જે આજે રૂ. 11000નો ભાવ બોલાઇ રહ્યો છે. જે એવું દર્શાવી રહ્યા છે કે, આ વખતે વિપ્રો 50 ટકા જેટલા શેરોનું બાયબેક કરી શકે છે.

વિપ્રોએ 15000 કરોડ રૂપિયાના શેર બાયબેકની જાહેરાત કરી છે. કંપનીએ બાયબેક માટે પ્રતિ શેર રૂપિયા 250ની કિંમત નક્કી કરી છે. આ 16 એપ્રિલના રોજ શેરના બંધ ભાવથી 19 ટકાનો વધારો દર્શાવે છે. જોકે, આ જાહેરાતના બીજા દિવસે એટલે કે 17મી એપ્રિલે વિપ્રોના શેરમાં ઘટાડો થયો હતો. જે 3 ટકા ઘટ્યો હતો અને રૂ. 204નો ભાવ બોલાતો હતો. જેથી આ કિંમતે રોકાણકારોએ ખરીદી કરી હોય તો 22 ટકાની આસપાસ બાયબેકમાંથી રિટર્ન મળી શકે છે.

નિષ્ણાતો કહે છે કે આ બાયબેકમાં ભાગ લેવાથી મળતો નફો બાયબેકમાં તમારા કેટલા શેર સ્વીકારવામાં આવે છે તેના પર નિર્ભર રહેશે.

વિપ્રોના ભૂતકાળના ઇતિહાસ પર નજર નાંખીએ તો વિપ્રોના શેરો 20 ટકાની આસપાસ બાયબેકમાં સ્વીકારવામાં આવ્યા હતા. અગાઉ નિષ્ણાતોના મતે આ વખતે 77 ટકા હિસ્સો સ્વીકારાશે તેવું માનવામાં આવી રહ્યું હતું, જે હાલમાં 50થી 55 ટકા બોલાઇ રહ્યું છે. એટલે કે તમારી પાસે વિપ્રોના 100 શેરો હશે તો તેમાંથી 50થી 55 શેરો બાયબેકમાં સ્વીકારાશે.

એટલે કે રૂ. 205ના ભાવે તમે આ શેરો ખરીદ્યા હોય તેમાંથી 50 ટકા શેરો બાયબેકમાં સ્વીકારાય તો રૂ. 2250ના લાભ મળે અને બાકીના 50 શેરો બજારમાં ચાલી રહેલા ભાવ ઉપર નિર્ભર રહેશે. જેની ઉપર શોર્ટટર્મ કેપિટલ ગેઇન પણ લાગશે, તેને પણ રોકાણકારોએ ભોગવવાનો રહેશે. જોકે, આની સમયમર્યાદા 2થી 3 મહિનાની રહેશે. જે બેન્કોના ફિક્સ્ડ ડિપોઝીટના વ્યાજ કરતા વધુ લાભદાયી સાબિત થશે.

સૌથી મહત્વની બાબત કંપનીના ગુણોત્તરની છે, એટલે કે રોકાણકારોના કેટલા શેરોને બાયબેકમાં સ્વીકારે છે, તેની ઉપર

કરન્ટ-ટોપિક

રહેશે.

**ફિક્સ્ડ ડિપોઝીટ કરતા વધુ લાભ મળશે, ટુંકાગાળાના લાભ માટે રોકાણકારોએ બાયબેકમાં ટેન્ડર કરવું જોઈએ, ગ્રે બજારમાં રૂ. 11000ના બોલાતા ભાવને જોતાં વિપ્રોના બાયબેકમાં 50 ટકા શેરો સ્વીકારવાની સંભાવના**

આ ઉપરાંત, જે રોકાણકારોને ફિક્સ્ડ ડિપોઝીટ કરતા પણ વધુ નફો રળવો હોય તો ટુંકાગાળા માટે વિપ્રોના બાયબેકમાં રોકાણ કરવું લાભદાયી રહેશે, પણ આ તમામ બાબત કંપની કેટલા ટકા શેરો બાયબેકમાં લઇ રહ્યા છે તેના ઉપર રહેશે, તેની ઉપરના કોષ્ટક પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ.

જોકે, વિપ્રોના બાયબેક આવવાની છે તે અહેવાલની સાથે જ વિપ્રોના બાયબેકના ગ્રે બજારમાં ભાવ

જેટલો વધુ હિસ્સો સ્વીકારે તેટલો વધુ લાભ મળશે. જોકે, કંપનીઓના બાયબેક ઇતિહાસ પર નજર નાખતાં જાણવા મળે છે કે સ્વીકૃતિ ગુણોત્તર ઘણીવાર રોકાણકારોની અપેક્ષાઓ કરતા ઘણો ઓછો હોય છે. મોટાભાગના કિસ્સાઓમાં, છૂટક રોકાણકારો માટે આ ગુણોત્તર 15થી 25 ટકાની વચ્ચે હોય છે.

જેનાથી નફામાં ઘટાડો થાય છે. જોકે, વિપ્રોનો રૂ. 15000 કરોડનો બાયબેક હોવાથી નિષ્ણાતોના અંદાજ મુજબ 50 ટકાની આસપાસ બાયબેક થવાની પુરેપુરી સંભાવના છે.

# સંઘર્ષ બાદ શેરબજારમાં તેજીનો દોર શરૂ થવાના એંધાણ

જ્યારે દુનિયા યુદ્ધથી ધ્રુજે છે, ત્યારે સંઘર્ષમાંથી જન્મેલું દરેક પગલું જીત તરફ આગળ લઈ જાય છે. તેવી જ રીતે શેરબજારમાં અનિશ્ચિતતાના વાદળો ઘેરાયેલા છે, ત્યારે નબળા પડેલા શેરબજારમાં રીકવરી થવાની શરૂઆત થઈ છે, જે હજુય આગળ વધી શકે છે. હાલના તબક્કે રોકાણકારો માટે નવી તક ઉભી થઈ છે કારણ કે સંકટમાં જ સૌથી મોટા અવસર છુપાયેલા હોય છે, જે તકને રોકાણકારોએ ઝડપી લેવી જોઈએ. ઈરાન અને અમેરિકા વચ્ચે ડીલ સાથે કામચલાઉ યુદ્ધ વિરામ કર્યો છે. બીજી વખત બે અઠવાડિયાના યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી છે. પ્રથમ વખત નિષ્ફળ ગયા બાદ બીજી વખત હોર્મુઝ સ્ટ્રેટ ખુલ્યો હતો, પણ ઈરાને ખેલ પાડ્યો હતો અને જણાવ્યું હતું કે, હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરી દીધું

માર્કેટ વોચ

હતું કેમ કે અમેરિકાએ ડીલનું પાલન કર્યુ નથી.

આ બાબતથી એટલું સ્પષ્ટ થઈ રહ્યું છે કે હવે બંને દેશો યુદ્ધ કરવા માગતા નથી, પણ હજુય બાખડી રહ્યા છે. પણ ક્રુડ ઓઈલના ભાવ ઘટી રહ્યા છે, તે શેરબજાર માટે પોઝિટિવ રહી શકે છે,



મારવાનો પ્રયાસ કરી રહ્યા છે, જે ચાઈના અને ભારત બંનેને છંછેડી શકે છે. જો આમ થશે તો ભારતીય શેરબજારમાં મંદીની સંભાવના જોવા મળી શકે છે અને અર્થતંત્રને ફટકો પડશે તે અલગ રહેશે. જે ખાસ કરીને ટેરિફ મામલે થશે.

રાજકીય સ્તરે સંસદમાં બંધારણમાં સુધારા ખાસ મહિલા અનામત ખરડો અને સીમાંકન માલે કેન્દ્રની એનડીએ સરકારે પરાજય સહન કરવો પડ્યો હોવાથી અને બીજી બાજું પશ્ચિમ બંગાળ અને કેરળ સહિતમાં ચુંટણી યોજનાર હોવાથી રાજકીય હુંસાતુંસીની પણ અસર જોવાઈ શકે છે. આ સિવાય માર્ચ ક્વાર્ટરલી પરિણામોની મોસમ શરૂ થઈ છે, જેથી કંપનીઓના પરિણામોની અસર બજારમાં જોવા મળશે. ટીસીએસથી ક્વાર્ટરલી પરિણામોની મોસમ શરૂ થઈ છે અને હાલમાં અપેક્ષા મુજબના પરિણામો જાહેર થઈ રહ્યા છે. વિદેશી રોકાણકારો ભારતમાં છેલ્લા કટેલાક દિવસોથી શેરોમાં

**રોકાણકારોએ સંકટમાંથી અવસર બનાવવાનો સમય આવી ગયો છે**

હજુય એક બે અઠવાડિયા સુધી આવો માહોલ રહેશે, પણ શેરબજારમાં વધઘટ ચાલુ રહેવાની સંભાવના છે.

ઈરાન અને અમેરિકાના સમાધાનમાં પાકિસ્તાન મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે, જે જોખમી પરિબળ તરીકે જોવાઈ રહ્યું છે કેમકે ભારતના કાશ્મીર મુદ્દામાં અમેરિકા પાકિસ્તાનને સાથ આપી શકે છે. જે ભારત માટે ભવિષ્યમાં હાનિકારક સાબિત થઈ શકે છે. જે એક ચિંતાનો વિષય છે. ટ્રમ્પ એક કાંકરે અનેક પક્ષી

વેચવાલી અટકાવીને ખરીદદાર તો બની રહ્યા છે, પરંતુ બીજી બાજું સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો નવી લેવાલી અટકી ગઈ છે. વિદેશી રોકાણકારો શેરોમાં ખાસ ફ્રન્ટલાઈન શેરોમાં મોટા ખરીદદાર ક્યારે બને છે એના પર તેજીનો દોર આગળ વધશે તે નક્કી કરશે. ઈરાન અને અમેરિકા વચ્ચેના સમાધાનની ફોર્મ્યુલા ધીમી ગતિએ આગળ વધી રહી છે, પણ એવું કહી શકાય કે આગળ તો વધી જ રહી છે.

# AI પ્રેરિત છટણીઓની શરૂઆત આઈટી કંપનીઓમાં થઈ ગઈ છે

૨૦૨૬ની શરૂઆત ટેક ઉદ્યોગમાં છટણીના નવા રાઉન્ડ સાથે થઈ છે, કારણ કે જાન્યુઆરીના પ્રથમ થોડા જ દિવસોમાં એમેઝોન અને મેટા જેવી મોટી ટેક કંપનીઓએ નોકરીઓમાં કાપની જાહેરાત કરી હતી. જોકે અગાઉના વર્ષોની શરૂઆતની સરખામણીમાં આ આંકડો ઓછો હોઈ શકે છે, પરંતુ છટણીનો ખતરો નોકરીના બજાર પર મંડરાઈ રહ્યો છે.

મોટી કોર્પોરેશનો, નાના વ્યવસાયો અને સ્ટાર્ટઅપ્સ હવે સોફ્ટવેર કોડ લખવા માટે વધુને વધુ AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) નો ઉપયોગ કરી રહ્યા છે અને રૂટિન કાર્યોને સ્વચાલિત કરવા માટે AI એજન્ટો અપનાવી રહ્યા છે, જેથી ખર્ચ બચાવી શકાય અને માણસો પરની નિર્ભરતા ઘટાડી શકાય. એઆઇને કારણે નોકરીઓ જશે એવી જે અટકળો હતી તે આઇટી કંપનીઓની બાબતમાં તો સાચી પડવા માંડી જ છે.

સ્વતંત્ર લેઓફ ટ્રેકર 'Layoffs.fyi' મુજબ, ૨૦૨૫માં ૨૬૯ ટેક કંપનીઓમાંથી કુલ ૧,૨૩,૯૪૧ ટેક કર્મચારીઓને છૂટા કરવામાં આવ્યા હતા, જે ૨૦૨૪માં ૫૪૯ કંપનીઓમાં થયેલી કુલ ૧,૫૦,૦૦૦ છટણી કરતા ઓછી હતી.

પરંતુ ગત વર્ષ અલગ હતું કારણ કે આ છટણીમાં AIની ભૂમિકા વધુ સ્પષ્ટ થઈ હતી. કન્સલ્ટિંગ ફર્મ 'ચેલેન્જર, ગ્રે એન્ડ ક્રિસમસ'ના રિપોર્ટ અનુસાર,




૨૦૨૫માં યુનાઇટેડ સ્ટેટ્સમાં ઓછામાં ઓછા ૫૫,૦૦૦ લોકોની છટણી પાછળ AI જવાબદાર હતું. વર્લ્ડ ઇકોનોમિક ફોરમ (WEF)ના ૨૦૨૫ના સર્વેમાં પણ જાણવા મળ્યું છે કે વિશ્વભરની ૪૧ ટકાથી વધુ કંપનીઓ AIના ઉદયને કારણે આગામી પાંચ વર્ષમાં તેમના કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો કરે તેવી અપેક્ષા છે. ૨૦૨૬માં અત્યાર સુધી છટણીની જાહેરાત કરનાર ટેક

**વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)ના ૨૦૨૫ના સર્વેમાં પણ જાણવા મળ્યું છે કે વિશ્વભરની ૪૧ ટકાથી વધુ કંપનીઓ AIના ઉદયને કારણે આગામી પાંચ વર્ષમાં તેમના કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો કરે તેવી અપેક્ષા છે**

કંપનીઓની યાદી અહીં છે:

એમેઝોન

એમેઝોને બુધવાર, ૨૯ જાન્યુઆરીના રોજ જાહેરાત કરી હતી કે તે વૈશ્વિક સ્તરે અંદાજે ૧૬,૦૦૦ કોર્પોરેટ હોદ્દાઓ નાબૂદ કરી રહી છે. ઓક્ટોબર ૨૦૨૫ પછીની આ તેની સૌથી મોટી છટણી છે, જ્યારે ઇ-કોમર્સ દિગ્ગજે ૧૪,૦૦૦ કર્મચારીઓને છૂટા કરવાની વાત કહી હતી.

તે સમયે સમાચાર અહેવાલોએ સંકેત આપ્યો હતો કે એમેઝોન કુલ 30,000 નોકરીઓ ઘટાડવાનું લક્ષ્ય રાખી રહ્યું છે. આ એવી જૂજ કંપનીઓમાંથી એક છે જેણે કર્મચારીઓને છૂટા કરવાના નિર્ણયને સીધો AIના વધતા ઉપયોગ સાથે જોડ્યો છે.

મેટા

ધ ન્યૂ યોર્ક ટાઈમ્સના એક અહેવાલ મુજબ, સોશિયલ મીડિયા ક્ષેત્રની દિગ્ગજ કંપની મેટા તેના 'રિયાલિટી લેબ્સ' વિભાગના આશરે 10 ટકા કર્મચારીઓની છટણી કરવાની યોજના બનાવી રહી છે. આ વિભાગ મેટાવર્સ સહિતના અન્ય ઉત્પાદનો પર કામ કરે છે.

પિન્ટરેસ્ટ

બિઝનેસ ઇનસાઇડરના અહેવાલ મુજબ, પિન્ટરેસ્ટે તેની વૈશ્વિક પુનર્ગઠન યોજનાના ભાગરૂપે તેના ૧૫ ટકાથી વધુ કર્મચારીઓની છટણી કરવાની જાહેરાત કરી છે. અહેવાલો અનુસાર કંપની તેની ઓફિસની જગ્યામાં પણ ઘટાડો કરી રહી છે. પિન્ટરેસ્ટના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "અમે અમારી AI-ફોરવર્ડ વ્યૂહરચનાને વધુ અસરકારક રીતે અમલમાં મૂકવા માટે

ઓફ-બીટ

સંસ્થાકીય ફેરફારો કરી રહ્યા છીએ, જેમાં AI ક્ષેત્રમાં નિપુણ પ્રતિભાઓની ભરતીનો પણ સમાવેશ થાય છે."

એક્સપિડિયા

એક્સપિડિયાએ જણાવ્યું છે કે તેણે આ વર્ષે જાન્યુઆરીમાં કેટલાક કર્મચારીઓને છૂટા કર્યા છે, પરંતુ કેટલા કામદારોની છટણી કરવામાં આવી છે તેની ચોક્કસ સંખ્યા અસ્પષ્ટ છે. ઓનલાઇન ટ્રાવેલ બુકિંગ પ્લેટફોર્મે એમ પણ કહ્યું છે કે તેણે નવી નોકરીઓ માટેની જાહેરાતો પ્રસિદ્ધ કરી છે.

ટીસીએસ

ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) એ જણાવ્યું છે કે તે તેના કર્મચારીઓની સંખ્યામાં આયોજિત બે ટકાના ઘટાડાના ભાગરૂપે માર્ચ ક્વાર્ટરમાં પણ છટણી ચાલુ રાખશે. ભારતીય IT ક્ષેત્રની આ દિગ્ગજ કંપનીએ જુલાઈ 2025 માં જાહેરાત કરી હતી કે તે નાણાકીય વર્ષ 2025-26 માં અંદાજે 12,000 નોકરીઓમાં કાપ મૂકવાની યોજના ધરાવે છે.